# ગુજરાત યુનિવર્સિટી

તારીખ.૨૮/૧/૨૦૨૨

**<u>પ્રેસનોટ:</u>**

ગુજરાત યુનિવર્સિટીનો ૭૦મો પદવીદાન સમારંભમાં
રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં
ઓનલાઇન યોજાશે.

મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ જોડાશે.

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી,
રાજયકક્ષાના શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઇ ડિંડોર તેમજ
શ્રી કીર્તિસિંહ વાઘેલા અને
અગ્રસચિવ એસ. જે. હૈદર ઉપસ્થિત રહેશે.

૪૯,૫૨૮ છાત્ર-છાત્રાઓને પદવી એનાયત કરાશે.

૨૮૦ મેડલ એનાયત કરાશે.

૬૨ શિષ્યવૃત્તિ, પરિતોષિક પ્રદાન કરાશે.

ગુજરાત યુનિવર્સિટીનો ૭૦મો પદવીદાન સમારંભ ૨૯, જાન્યુઆરી-૨૦૨૨ના રોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલ માનનીય આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સવારે ૧૧.૪૫ કલાકે ઑનલાઇન યોજાશે. આ પદવીદાન સમારંભમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ગુજરાત રાજયના શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ પટેલ ઑનલાઇન જોડાઇને છાત્ર-છાત્રાઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવશે.

ગુજરાત રાજયના રાજયકક્ષાના શિક્ષણમંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોર, શ્રી કીર્તિસિંહ વાઘેલા, રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી એસ. જે. હૈદર પદવીદાન સમારંભમાં ઑનલાઇન વિશેષ ઉપસ્થિત રહેશે.

ગુજરાત યુનિવર્સિટીના પ્રજ્ઞાવાન કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડયા આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના વ્યવસ્થાપક મંડળ વતી સૌનું શાબ્દિક સ્વાગત કરશે અને યુનિવર્સિટીની પ્રગતિનો ચિતાર રજુ કરશે.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડૉ.જગદીશ ભાવસાર તેમજ કુલસચિવ ડૉ. પીયુષ પટેલે પદવીદાન સમારંભની વિગતો આપતાં જણાવ્યું છે કે, ગુજરાત યુનિવર્સિટીનાં ૭૦માં પદવીદાન સમારંભમાં વિનયન, વિજ્ઞાન, ઇજનેરી, કાયદા, તબીબી, વાણિજ્ય, દંતવિજ્ઞાન, શિક્ષણ અને ફાર્મસી એમ કુલ-૯ વિદ્યાશાખાના **૪૯,૫૨૮** છાત્ર-છાત્રાઓને પદવી એનાયત કરાશે.

ગુજરાત યુનિવર્સિટીના ૭૦માં પદવીદાન સમારંભમાં **૨૮૦** મૅડલ એનાયત કરવામાં આવશે. તેમજ **૬૨** શિષ્યવૃત્તિ, પારિતોષિકથી સન્માનવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીના ૭૦માં પદવીદાન સમારંભમાં વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનૅટ સભ્યશ્રીઓ, ઍકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓ, યુનિવર્સિટી ભવનના ડાયરેકટરશ્રીઓ, વિભાગ અધ્યક્ષો, અધ્યાપકશ્રીઓ, વિવિધ કૉલેજના આચાર્યશ્રીઓ, મૅડલ વિજેતા છાત્ર-છાત્રાઓ, પદવી પ્રાપ્ત કરનાર છાત્ર-છાત્રાઓ, દાતાશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત શિક્ષણ પ્રેમીઓ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ માધ્યમથી જોડાશે

**તા.૨૯/૧/૨૦૨૨ શનિવાર ૭૦મા વાર્ષિક પદવીદાન સમારંભમાં વિદ્યાશાખાવાર અર્પણ થનાર પદવી/ડિપ્લોમા પ્રમાણપત્રની કુલ સંખ્યાની માહિતી નીચે મુજબ છે.**

| **ક્રમ** | **વિદ્યાશાખાનું નામ** | **એનાયત થનાર પદવી/ડિપ્લોમા પ્રમાણપત્રોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | વિનયન વિદ્યાશાખા | ૮,૬૭૬ |
| ૨ | વિજ્ઞાન વિદ્યાશાખા | ૭,૯૪૩ |
| ૩ | ઇજનેરી વિદ્યાશાખા | ૩૬ |
| ૪ | કાયદા વિદ્યાશાખા | ૧,૭૮૩ |
| ૫ | તબીબી વિદ્યાશાખા | ૨,૧૯૯ |
| ૬ | વાણિજ્ય વિદ્યાશાખા | ૨૫,૭૭૭ |
| ૭ | દંત વિજ્ઞાન વિદ્યાશાખા | ૩૯૭ |
| ૮ | શિક્ષણ વિદ્યાશાખા | ૨,૭૧૫ |
| ૯ | ફાર્મસી વિદ્યાશાખા | ૦૨ |
| | કુલ... | ૪૯,૫૨૮ |